આકાશવાણી ભુજ

સમાચાર વાચક : આરતી ભટ્ટ

ડીઇઓ : પ્રદીપ ચાવડા

તારીખ : **12-07-2024** સમય : સાંજે **6.25** વાગ્યે

---

# કૃષિમંત્રી-બાગાયતી ખેતી-સેન્ટર્સ ઓફ એક્ષલન્સ

રાજ્ય સરકારે ખેડૂતોને બાગાયતી ખેતીમાં અદ્યતન તાલીમ અને માર્ગદર્શન આપવા માટે ચાર નવા સેન્ટર્સ ઓફ એકસલેન્સ સ્થાપવાનો નિર્ણય લીધો છે. 40 કરોડ રૂપિયાના ખર્ચે અમરેલી, દાહોદ, બનાસકાંઠા અને ગાંધીનગર જિલ્લામાં આ કેન્દ્રો સ્થાપવામાં આવશે. સાથે રાજ્યમાં બાગાયત વિભાગ દ્વારા કુલ 17 સેન્ટર ઓફ એક્સેલન્સ કાર્યરત કરાશે.

રાજ્યના કૃષિ મંત્રી રાઘવજી પટેલે આ નિર્ણયની જાહેરાત કરતાં જણાવ્યું કે, બાગાયતી ઉત્પાદનોની માંગને પહોંચી વળવા બાગાયતી પાકોના વાવેતર અને બાગાયતમાં આધુનિક પદ્ધતિઓને પ્રોત્સાહન આપવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો છે. વધુમાં તેમણે જણાવ્યું કે, ખેડૂતો માટે કેન્દ્રો પર બાગાયતની નવી આધુનિક પદ્ધતિઓ અંગેની તાલીમ અને પ્રદર્શનો યોજવામાં આવશે.

RNU અમદાવાદ

-----------------------------------------------------------------------

## શિક્ષકો માટેની ઓનલાઇન તાલીમ

કચ્છ સહિત સમગ્ર રાજયમાં ધો. ૩થી ૧૦ ના શિક્ષકો માટેની ઓનલાઈન તાલીમ બોટના માધ્યમથી શરૂ થવાની છે. તાલીમ અંગે શિક્ષકોને જાણકારી મળે તે હેતુથી જીસીઇઆરટી દ્વારા ટેલિકોન્ફરન્સનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ગુજરાત કાઉન્સિલર ઓફ એજ્યુકેશન રિસર્ચ એન્ડ ટ્રેનીંગ દ્વારા આ કોર્સ વિશે અને તેમાં કઈ રીતે જોડાઈ શકાય તે અંગે વિગતવાર સમજ આપવામાં આવશે. ઑનલાઈન તાલીમમાં બે મોડ્યુલ દ્વારા પ્રવર્તમાન સમયની શૈક્ષણિક જરૂરિયાત અને સરકારની વિવિધ શૈક્ષણિક યોજનાઓને ધ્યાને રાખીને ૨૦ ઓનલાઈન કોર્સ જીસીઈઆરટી દ્વારા વિક્સાવવામાં આવ્યા છે.

N.P. આરતી ભટ્ટ

-----------------------------------------------------------------------

## જિ.કલેક્ટર-પ્રા. અધિકારી- રાપર બેઠક

શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં રખડતા ઢોરો અને આંખલાઓના ત્રાસના લીધે લોકો અને જાનમાલને નુકશાન ન થાય તે માટે જિલ્લા કલેકટર અમિત અરોરા અને ભચાઉ પ્રાંત અધિકારીના માર્ગદર્શન હેઠળ રાપર તાલુકાની તમામ પાંજરાપોળ અને ગૌશાળાના પદાધિકારીઓની

બેઠક મળી હતી. જેમાં રાપર શહેરમા રખડતા આંખલા ઢોરોને પકડી પાંજરાપોળ અને ગૌશાળામા ભાગે પડતા મોકલી આપવા માટે જણાવ્યું હતું. આંખલાઓ અને રખડતા ઢોરોને ટેગ લગાવી મોકલવામાં આવશે. તદુપરાંત માલિકીના ઢોરો માટે સુચના આપવામાં આવશે અને કડક ચેતવણી વચ્ચે માલિકીના ઢોરો જો રખડતા મળશે તો કડક કાર્યવાહી કરી પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. એમ આ બેઠકમાં સૂચના અપાઇ હતી.

**N.P.** આરતી ભટ્ટ

--------------------------------------------------------------------

## બસ અકસ્માત

રાપર ડેપોની આણંદ રાપર રૂટની બસ આણંદથી રાપર આવતી હતી ત્યારે રાત્રે દોઢ વાગ્યે રાધનપુરથી પહેલાં ગોચનાદ ગામ પાસે સામેથી આવતી ટ્રક સાથે ધડાકાભેર અથડાતાં સ્થળ પર જ બસનાં ડ્રાઈવર અને કંડકટરનું મૃત્યુ થયું હતું. બંને રાપર ડેપોનાં કર્મચારી હતાં. ટક્કર એટલી જોરદાર હતી કે ટ્રકનાં ડ્રાઈવર કલીનર પણ મૃત્યુ પામ્યાં હોવાનું જાણવા મળ્યું હતું.

હેમાંગ પટ્ટણી

--------------------------------------------------------------------

## પેન્શનરો હયાતી અંગે

કચ્છ જિલ્લાની તિજોરી ખાતેથી બેન્ક મારફતે પેન્શન મેળવતા પેન્શનરોએ હયાતીની ખરાઈ કરાવેલી ન હોય તે પેન્શનરોએ જે શાખામાં ખાતું હોય તે બેન્કશાખામાં જઈને નિયત નમૂનામાં ફોર્મમાં બેન્ક સત્તાવાળાની રૂબરૂમાં સહિ કરીને હયાતિની ખરાઈ કરાવવાની રહે છે. જે પેન્શનરો દ્વારા જુલાઈ માસ સુધીમાં હયાતિની ખરાઈ કરાવવામાં ન આવે અથવા હયાતિની ખરાઈ કરાવેલી હોય પણ તેનું ફોર્મ બેન્ક દ્વારા તિજોરીમાં મોકલવામાં ન આવે તો તેવા પેન્શનરનું માહે ઓગષ્ટ-૨૦૨૪થી પેન્શનરનું ચૂકવણું બંધ કરવામાં આવશે એમ જણાવ્યું છે.

માહિતી ખાતુ

---

## શાળામાં સાયબર ક્રાઇમ અંગે સમજ

આજના ટેક્નોલોજીના યુગમાં સાયબર ક્રાઇમનો કોઇ વિદ્યાર્થી ભોગ ન બને તે હેતુથી માધાપરની શ્રીજી સ્કૂલમાં સાયબર ક્રાઇમ વિશે વિદ્યાર્થીઓને માર્ગદર્શન અપાયું હતું. વિદ્યાર્થીઓ મોબાઇલ, કોમ્પ્યુટર, દ્વારા ઇન્ટરનેટના માધ્યમ વડે કોઇપણ પ્રકારની લાલચ, છેતરપીંડી, ધાક-ધમકી, નાણાકીય ફ્રોડ, અપમાનજનક ભાષાનો પ્રયોગ, પાસવર્ડ કે અન્ય ડિજિટલ ડેટાની ચોરી કરવી જેવા ગુનાઓમાં ન સંડોવાય અને

ખૂબ જ સાવચેતી દાખવે તેમજ ટેક્નોલોજીના સાધનોનો ખૂબ જ તકેદારીથી ઉપયોગ કરે તેવું સમજાવવામાં આવ્યું હતું.

**N.P. આરતી ભટ્ટ**

---

## માણકારાવાંઢ (શાળા) બાળ સંસદની રચના

ભચાઉ તાલુકાના જડશા ગામ નજીક આવેલ માણકારાવાંઢ પ્રાથમિક શાળામાં બાળસંસદની રચના ચુંટણી દ્વારા કરવામાં આવી હતી. જેમાં તમામ પ્રક્રિયા ડિજિટલ માધ્યમથી કરવામાં આવી હતી અને શાળાના વિદ્યાર્થીઓને ચુંટણી અને મતદાન અંગેની સમજ પ્રેક્ટિકલ દ્વારા આપવામાં આવી હતી. વિદ્યાર્થીઓએ રસભેર ભાગ લીધો હતો.

**N.P. આરતી ભટ્ટ**

---

## ગાંધીધામ રેલ્વે- રેસ્ટ રૂમ અદ્યતન

ભારતીય રેલવે વિભાગ દ્વારા રેલવે ક્રૂ મેમ્બરો જેમ કે લોકો પાયલોટ, આસિસ્ટન્ટ લોકો પાયલોટ, ટ્રેન મેનેજર વગેરેને રેસ્ટ રૂમની સુવિધાઓ પૂરી પાડવામાં આવે છે, ગાંધીધામ ખાતે આ સુવિધાને વધુ અધતન બનાવાઈ છે.

**N.P. આરતી ભટ્ટ**

---